**રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.**

**સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૧૧/૨૦૧૯ ની સારી કામગીરી**

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | ૧૨૫ | ૧૫,૭૭,૪૧૬/- | કુલ ૧૨૫ કિંમત ૧૫,૭૭,૪૧૬/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | ૧૮ | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | ATM Fraud | ૪૦ | ૧૧,૯૫,૭૬૪/- | કુલ-૨૮ અરજીમાં રૂ. ૧૧,૯૫,૭૬૪/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

# ડી.સી.બી. પો.સ્ટે. માહે ૧૧/૨૦૧૯ ની સારી કામગીરી

PRESS NOTE

RAJKOT CITY CRIME BRANCH

**ચોરાવ મો.સા. સાથે એક ઇસમને પકડી પાડતી**

**રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

રાજકોટ શહેર *પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુર્શીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી સૈની સાહેબ ઝોન-૧ તથા શ્રી જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી જયદિપસિંહ સરવૈયા સા.* નાઓએ રાજકોટ શહેરમા મિલકત સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ અનડીટેક ગુન્હાઓ ડીટેક કરવા સુચના કરેલ હોય જે તેઓ સાહેબની સુચના તથા અમો *પો.ઇન્સ. એચ.એમ.ગઢવી* ના સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૯/૧૧/૧૯ ના ડી.સી.બી. પો.સ્ટે. ના પો.સ.ઇ. પી. એમ. ધાખડા, તથા પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ દૈવતસિંહ, હરદેવસિંહ રમુભા, ફીરોજભાઇ ઇકબાલભાઇ, અમિત અગ્રાવત તથા પો. કોન્સ. યોગીરાજસિંહ જાડેજા, સોકતભાઇ ખોરમ નાઓ પેટ્રોલીંગમા હોય જે દરમ્યાન સાથેના પો. હેડ કોન્સ. અમિત અગ્રાવત, હરદેવસિંહ જાડેજા પો. કોન્સ. યોગીરાજસિંહ જાડેજા, નાઓની સયુંકત હકિકત આધારે ગોંડલ રોડ પી.ડી.માલવીયા કોલેજ પાસેથી

**આરોપી**

જયદિપભાઇ અરશીભાઇ વાળા, જાતે આહિર ઉ.વ.૨૪ રહે.રાધાકૃષ્ણ સોસાયટી ની બાજુમા રામપાર્ક શેરી નં.-૧ ભાડા મકાનમાં રાજકોટ

વાળા પાસેથી નંબર પ્લેટ વગરનુ કાલા કલરનુ હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ મળી આવેલ હોય જે મો.સા. ના મજકુરે વેલીડ કાગળો રજુ નહી કરતા મો.સા. કબજે કરેલ તેમજ મજકુર ઇસમની પુછપરછ કરતા મજકુર ઇસમે તા.૧૬/૧૧/૨૦૧૯ સવારના સાતેક વાગ્યે મો.સા. રાજકોટ ડી.એચ.કોલેજ સામે હોમીદરસ્તુર રોડ ઉપર આવેલ એક એપાર્ટમેન્ટ નાર્કિંગ માંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા જે બાબતે ખરાઇ કરતા સદરહુ બાબતે એ ડિવી પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નંબર ૧૫૯/૧૯ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ ગુન્હો રજી. થયેલ છે.

**આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ**

મજકુર આરોપી આસરે એકાદ વર્ષ પહેલા બે મોટર સાયકલ ચોરીના ગુન્હામાં તથા સને-૨૦૧૩ વર્ષમાં એક મોટર સાયકલ ચોરના ગુન્હામાં રાજકોટ એ ડિવી પોલીસ સ્ટેશનમાં પકડાયેલ હતો.

( એચ.એમ.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી.સી.બી. પો.સ્ટે.
રાજકોટ શહેર.

Scanned with CamScanner

PRESS NOTE

**RAJKOT CITY CRIME BRANCH**

**માધાપર ગામ પોસ્ટ ઓફીસની બારીની ગ્રીલ તોડી પોસ્ટ ઓફીસમા ઘરફોડ ચોરી કરનાર ત્રણ ઇસમોને ઝડપી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહમદ સાહેબ તથા ડી.સી.પી. ઝોન - ૧ શ્રી રવી મોહન સૈની સાહેબ તથા ડી.સી.પી. ઝોન - ૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ તથા એ.સી.પી. ક્રાઇમ શ્રી જયદીપસિંહ સરવૈયા સાહેબ નાઓએ અસરકારક પેટ્રોલીંગ ફરી અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય તેમજ અમો **પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.એમ.ગઢવી** ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના **એ.એસ.આઇ. બી.જે.જાડેજા, તથા પો.કો. કુલદીપસિંહ જાડેજા, નગીનભાઇ ડાંગરને** મળેલ હકીકતના આધારે રાજકોટ, ગોંડલ રોડ, કોઠારીયા સોલ્વન્ટ ફાટક પાસે શીતળા માતાની ધાર તરફ જતા રસ્તેથી નીચે જણાવેલ નામ વાળા આરોપીને અટક કરી ગુન્હો શોધી કાઢેલ છે.

**આરોપીઃ-**

(૧) સુરેશ લક્ષમણભાઇ સાથરીયા જાતે. દેવીપુજક ઉ.વ. ૨૦ ધંધો. કડીયાકામ રહે. કોઠારીયા સોલ્વન્ટ ૨૫ વારીયા કવાટર શિતળામાની ધાર ગૌશાળા પાછળા ગોંડલ રોડ, રાજકોટ

(૨) સંદીપ વલ્લભભાઇ સાથરીયા જાતે. દેવીપુજક ઉ.વ. ૧૯ ધંધો. કડીયાકામ રહે. કોઠારીયા સોલ્વન્ટ ૨૫ વારીયા કવાટર પાસે, શિતળામાની ધાર ગૌશાળા પાછળા ગોંડલ રોડ, ઝુપડપટીમાં રાજકોટ

(૩) રાજુભાઇ રતુભાઇ દેત્રોજીયા જાતે. દેવીપુજક ઉ.વ. ૨૬ ધંધો. ભંગારની ફેરી રહે. કોઠારીયા સોલ્વન્ટ ૨૫ વારીયા કવાટર પાસે, શિતળામાની ધાર ગૌશાળા પાછળા ગોંડલ રોડ, રાજકોટ વાળાઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.

**કબ્જે કરેલ મુદામાલઃ-**

(૧) એક લેનોવો કંપનીનો મોબાઇલ ફોન કાળા કલરનો જેના મોડલ નં. લેનોવો K8 Plus (XT1902-2) છે જેની કિ.રૂ. ૮,૫૭૩/- છે તે

**શોધી કાઢેલ ગુન્હો:-**

રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં માધાપર ગામ પોસ્ટ ઓફીસમાં રાત્રી દરમ્યાન પાછળની બારીની ગ્રીલ તોડી પોસ્ટ ઓફીસમાં પ્રવેશ કરી સરકારી મીલ્કતને નુકશાન કરી તીજોરી તોડવાનો પ્રયત્ન કરેલ જે તીજોરી ન તુટતા ત્રણ સરકારી મોબાઇલ ફોન ચોરી કરેલ જે અંગે ફર્સ્ટ ગુ.ર.નં. ૯૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે ગુન્હો ડીટેકટ કરેલ છે.

**આરોપીઓની ગુન્હો કરવાની એમ.ઓ.**

આ કામે આરોપીઓ રાત્રી દરમ્યાન સાયકલ ઉપર નીકળી શહેરના બહારના વિસ્તારોમાં અવાવરુ જગ્યાઓ ઉપર આવેલ દુકાનો/કેબીનોના તાળા તોડી ચોરી કરે છે.

**આરોપીઓએ કરેલ કબુલાત**

મજકુર આરોપીઓએ રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારમાં છેલ્લા છ માસ દરમ્યાન પાનની કેબીન તથા કરીયાણાની દુકાન તથા મોબાઇલની દુકાનોના તાળા તોડી અંદર પ્રવેશ કરી દશેક જેટલી ચોરી કરેલની કબુલાત આપેલ છે.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-**

**પો.સ.ઇ. વી.એ.પરમાર તથા એ.એસ.આઇ. બી.જે.જાડેજા,** તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ મયુરભાઇ પટેલ તથા પોલીસ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, યુવરાજસિંહ ઝાલા, પરેશગીરી ગોસ્વામી, એભલભાઇ બરાલીયા, મનજીભાઇ ડાંગર, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદિપસિંહ જાડેજા, સંજયભાઇ રૂપાપરા વિગેરે.

તા. ૨૨/૧૧/૨૦૧૯

(એચ.એમ.ગઢવી)<br>
પોલીસ ઇન્સપેકટર<br>
ડી.સી.બી પોલીસ સ્ટેશન<br>
રાજકોટ શહેર

- : પ્રેસ નોટ :-

## ભારતીય બનાવટનો ગે.કા. ઇગ્લીશ દારૂનો જથ્થો કુલ રૂ. કુલ કી.રૂ.- ૩૧,૩૮૦/- ના મુદામાલ સાથે એક ઇસમને ઝડપી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા ડી.સી.પી. ઝોન - ૧ શ્રી સૈની સાહેબ તથા ડી.સી.પી. ઝોન - ૨ શ્રી જાડેજા સાહેબ તથા એ.સી.પી. ક્રાઇમ શ્રી જયદીપસિંહ સરવૈયા સાહેબ તથા અમો પોલીસ ઇન્સ્પેકટર એચ.એમ.ગઢવી સાહેબ તથા નાઓની સુચનાથી રાજકોટ શહેર વિસ્તારમા તકેદારી સ્વરૂપે અસર કારક પેટ્રોલીંગ ફરી જુગાર/દારૂના કેસો શોધી કાઢવા અંગેની મળેલ સુચના આધારે પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઇ બાળા, અભિજીતસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ રઘુવિરસિંહ વાળા, ઇન્દ્રજીતસિંહ ગોહિલ તથા અશોકભાઇ ડાંગર સાથે રાજકોટ શહેર વિસ્તારમા ખાનગી વાહનમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.હેડ.કોન્સ. રાજેશભાઇ બાળા, તથા પોલીસ કોન્સ્ટેબલ રઘુવિરસિંહ વાળા ને મળેલ ચોકકસ બાતમી હકિકત મળેલ કે અગાઉ અનેક વખત ઇગ્લીશ દારુ ના કેશ મા પકડાયેલ નીખીલ કોટેચા જે નાના મૈવા મેઇન રોડ ગાંધી સ્કુલ વાળી શેરી પંચરત્ન -૪ બીલ્ડીંગ નીચે જાહેર પાર્કીંગ ની જગ્યા મા ગે.કા. ઇગ્લીશ દારૂ જથ્થા સાથે હોવાની હકકીત આધારે આરોપી નિખીલ મહેશભાઇ કોટેચા ઉવ.૩૧ રહે.વિરાણી હાઇસ્કુલ સામે રામદુત શેરી નં.૧ સુષ્ટ્રી એપાર્ટમેન્ટ ત્રીજા માળે ફલેટ નં.૩૦૧ બ્રીજેશ ચૈહાણના મકાનમા રાજકોટ વાળા ને ગે.કા. ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂ (૧) બ્લેન્ડર પ્રાઇડ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. બોટલો નંગ -૧૮ કિ.રૂ. ૧૫,૩૦૦/- તથા (૨) સીગ્નેચર ૭૫૦ એમ.એલ. બોટલ નંગ - ૧૨ ની કિ.રૂ. ૯૮૪૦/- તથા (૩) રોયલ ચેલેન્જ ૭૫૦ એમ.એલ. બોટલો નંગ -૧૨ કિ.રૂ. ૬૨૪૦/- એમ કુલ બોટલ નંગ ૪૨ કી.રૂ.-૩૧,૩૮૦/- ના મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચ

- **આરોપી**

નિખીલ મહેશભાઇ કોટેચા ઉવ.૩૧ રહે.વિરાણી હાઇસ્કુલ સામે રામદુત શેરી નં.૧ સુષ્ટ્રી એપાર્ટમેન્ટ ત્રીજા માળે ફલેટ નં.૩૦૧ બ્રીજેશ ચૈહાણના મકાનમા રાજકોટ

તા.૨૯/૧૧/૨૦૧૯

(એચ.એમ.ગઢવી)
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# પ્રેસનોટ

## રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની ચોક્કસ બાતમી આધારે મોરબી જીલ્લા પોલીસ દ્વારા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો

માનનીય પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા જે.સી.પી.શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા ડી.સી.પીશ્રી ઝોન-૧ રવી મોહન સૈની સાહેબ તથા ડી.સી.પી.શ્રી ઝોન-૨ મનોહરસિંહ જાડેજા સાહેબએ દારૂ જુગારની પ્રવૃતી નેસ્તનાબુદ કરવા અંગેની સુચના અને માર્ગ દર્શન આપેલ જે અનુસંધાને જયદિપસિંહ સરવૈયા સાહેબ એ.સી.પી. ક્રાઇમના સીધા માર્ગ દર્શન હેઠળ બાતમી મેળવવા સુચના કરેલ. જે અન્વયે રાજકોટ શહેર પેરોલ ફર્લો સ્કવોડના પો.સ.ઇ.શ્રી એમ.એસ. અંસારી તથા એસ.ઓ.જી.ના પો.કોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા તથા ફીરોઝભાઇ રાઠોડ અને જીતુભા ઝાલા નાઓ રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન એસ.ઓ.જી.ના પો.કોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા તથા ફીરોઝભાઇ રાઠોડ અને જીતુભા ઝાલાને ચોકકસ બાતમી મળેલ કે, રાજકોટ શહેર કુવાડવા રોડ પો.સ્ટે. વિસ્તારમાં ઇગ્લીશ દારૂનો મોટો જથ્થો ઉતરવાનો છે. આવી હકીકત અન્વયે પો.સ.ઇ. એમ.એસ. અંસારી અને ટીમના માણસો ખાનગી વાહનમાં કુવાડવા રોડ પો.સ્ટે.ની હદ વિસ્તારમાં વોચમાં ગોઠવાઇ ગયેલ હતા. મોડેથી બાતમીદારે જણાવેલ કે, જે દારૂનો જથ્થો કુવાડવા રોડ પો.સ્ટે.ની હદ વિસ્તારમાં આવવાનો હતો તે દારૂનો જથ્થો અહીંયા આવવાના બદલે વાકાનેર તાલુકાના ગારીડા ગામની સીમમાં ઉતરેલ છે. આ ગામ વાકાનેર તાલુકાની હદનું હોવાથી આ બાબતે વાકાનેર તાલુકા પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી આર.પી. જાડેજાને જાણ કરતા તેઓએ તેમના સ્ટાફના માણસો સાથે સદરહું જગ્યાએ રેઇડ કરી અને જુદી જુદી બ્રાનડની ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની બોટલો ભરેલ પેટીઓ નંગ-૩૨૬ કુલ બોટલ નંગ-૩૯૨૪ કિ.રૂા.૧૨,૦૮,૪૦૦/- નો દારૂ તથા બોલેરો પીકઅપ વાહન નં.જી.જે.૧૨ એ.વાય. ૭૭૯૦ કિ.રૂા.૪,૦૦,૦૦૦/- તથા બોલેરો પીકઅપ વાહન નં.જી.જે.૧૧ ઝેડ. ૮૨૭૨ કિ.રૂા.૪,૦૦,૦૦૦/- તથા હીરો સ્પ્લેન્ડર મો.સા. નં. જી.જે.૧૩ એ.એફ. ૪૬૦૮ કિ.રૂા.૩૫૦૦૦/- મળી કુલ રૂા.૨૦,૪૩,૪૦૦/- નો મુદામાલ કબ્જે કરી અને ઇગ્લીશ દારૂ મંગાવનાર મનસુખભાઇ બાવકુભાઇ ગણદીયા રહે. સંતકબીર રોડ આંબાવાડી શેરી નં.૧ રાજકોટ તથા ભરત ઉર્ફે બંગડી સવાભાઇ સોરાણી રહે. કનક સોસાયટી ધારાસર માર્કેટ રાજકોટ તથા જયંતીભાઇ રાઘવભાઇ ચૌહાણ રહે. રંગીલા મકવાણા પેલેસ સામે નવાગામ રાજકોટ વાળાઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(જે.એચ. સરવૈયા)

મદદનીશ પોલીસ કમિશ્નર

ક્રાઇમ, રાજકોટ શહેર

PRESS NOTE

# RAJKOT CITY CRIME BRANCH

## ફોર વ્હીલ કારના કાચ તોડી કાર ટેપ (મ્યુઝીક પ્લેયર) ની ચોરી કરતી આંતર રાજય ગેંગ પકડી પાડી રાજકોટ શહેર સહિત ગુજરાતના અસંખ્ય અનડીટેકટ ચોરીના ગુન્હાઓ શોધી કાઢતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર *પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુર્શીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી સૈની સાહેબ ઝોન-૧ તથા શ્રી જાડેજા સાહેબ ઝોન-ર તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી જયદિપસિંહ સરવૈયા સા.* નાઓએ તાજેતરમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૦૬/૧૧/૨૦૧૯ ના રોજ કુલ ૧૦ જેટલી કારના કાચ તોડી કાર ટેપની ચોરીના બનાવો બનેલ હતા જે અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના કરેલ તે મુજબ અમો *પો.ઇન્સ. એચ.એમ.ગઢવી* ના સીધા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. ના પો.સ.ઇ. પી.એમ.ધાખડા તથા એ.એસ.આઇ વિજયસિંહ ઝાલા પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા, ફીરોજભાઇ શેખ, અમીતભાઇ અગ્રાવત તથા પો. કોન્સ.કુલદીપસિંહ જાડેજા, યોગીરાજસિંહ જાડેજા, સોકતભાઇ ખોરમ, નાઓ પેટ્રોલીંગમા હતા જે દરમ્યાન સાથેના પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા તથા અમીતભાઇ અગ્રાવત તથા પો.કોન્સ. યોગીરાજસિંહ જાડેજા તથા કુલદીપસિંહ જાડેજા નાઓને સયુંકત રીતે બાતમી મળેલ તે મુજબ  ક્રાઇમ બ્રાંચના પો.હેડ કોન્સ પ્રતાપસિંહ ઝાલા સાથેની એક ટીમ મુંબઇ ખાતે તાત્કાલીક મોકલી આપેલ અને મુંબઇ મહારાષ્ટ્ર ખાતે આરોપીઓ ૫૦ થી ૬૦ કી.મીના અંતરે અલગ અલગ જીલ્લામાં રહેતા હોય અને તેઓની રહેણાંકની જગ્યાઓ સ્લમ એરીયા હોય જેથી લોકલ પોલીસની મદદ લઇ અત્રેની ટીમે તેઓના રહેણાંક અને ઉઠક બેઠકની સંભવીત જગ્યાઓ ઉપર આરોપી કયારે નિકળે છે? તેમજ કયાં જાય છે? તે બાબતની સતત ત્રણ દીવસ/રાત્રીના અત્રેની ક્રાઇમની ટીમે ખાનગી વોચ ગોઠવી આરોપીઓની રેકી કરી આરોપીની ભાળ મેળવી આરોપી નીકળતા જ નવી મુંબઇના તલોજા ખાતેથી તેમજ મુંબઇ થાણે જીલ્લાના મુંબ્રા ખાતેથી તેમજ પાલઘર જીલ્લાના વસઇ ખાતેથી.

➢ આરોપી –

(૧) અહેમદ ઉર્ફે લદન જમીલ ખાન જાતે મુસ્લીમ ઉવ ૪૯ રહે. ગામ ખૈરપાડા સાંઇચાલ રૂમ નં ૧૧ વસઇ ઇસ્ટ જી. પાલઘર રાજય. મહારાષ્ટ્ર

(ર) મીનાઝ અહેમદ હુનેરકર જાતે મુસ્લીમ ઉવ ૪૩ રહે. અનમોલ ચાલ રૂમ નં ૪ દોલતનગર પાસે કોસા મુંબ્રા જી.થાણે રાજય મહારાષ્ટ્ર

(3) જમીલ મહમદ કુરેશી જાતે મુસ્લીમ ઉવ ૫૫ રહે. કલાસીક ટાવર ફલેટ નં ૩૦૪ સેકટર ૧૮ તલોજા ફેઝ II તાલુકા પનવેલ જી નવી મુંબઇ રાજય મહારાષ્ટ્ર

વાળાઓ પાસેથી સફેદ કલરની વેગનઆર કાર ગાડી નં MH 02 PA 2480 કી રૂા.૧,૦૦,૦૦૦/-  તથા  ગોલ્ડન કલરની હોન્ડાસીટી કાર ગાડી નં MH 02 PA 6102 કી રૂા.૧,૦૦,૦૦૦/- તથા ચોરી કરવાના સાધનો ડીસમીસ (સ્ક્રુડ્રાઇવર) નં.-૫, કિ.રૂ. ૫૦૦/- મળી કુલ રૂ.૨,૦૦,૫૦૦/- ના મુદામાલ સાથે મજકુર ત્રણેય ઇસમોને આજ રોજ તા.૧૮/૧૧/૧૮ ના કલાક ૧૧/૩૦ વાગ્યે અટક કરવામા આવેલ છે.

➢ આરોપીઓ વિરૂધ્ધ દાખલ થયેલા ગુન્હાની વિગત –

રાજકોટ શહેર

(૧) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૧૮૦/૨૦૧૯ કલમ ૩૭૯ ૪૨૭
(૨) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૧૮૨/૨૦૧૮ કલમ ૩૭૯  ૪૨૭
(૩) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૨૧૪/૨૦૧૮ કલમ ૩૭૯
(૪) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૨૫૭/૨૦૧૭ કલમ ૩૭૯
(૫) રાજકોટ શહેર એ ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૧૩૩/૨૦૧૯ કલમ ૩૭૯
(૬) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૬૦/૨૦૧૮ કલમ ૩૭૯ ૪૨૭
(૭) રાજકોટ શહેર યુની પો.સ્ટે ફર્સ્ટ ૧૨૩/૨૦૧૯ કલમ ૩૭૯
(૮) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૩૧૭/૨૦૧૫ કલમ ૩૭૯  ૪૨૭
(૯) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૧૦૦/૨૦૧૬ કલમ ૩૭૯  ૧૧૪
(૧૦) રાજકોટ શહેર થોરાળા પો.સ્ટે ફર્સ્ટ ૩૬/૨૦૧૮ કલમ ૩૭૯ ૪૨૭

મોરબી જીલ્લો

(૧૧) મોરબી એ ડીવીઝન પો.સ્ટે ફર્સ્ટ ૯૯/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

Scanned with CamScanner

આણંદ જીલ્લો

(૧૨) આણંદ શહેર આણંદ ટાઉન પો સ્ટે ફર્સ્ટ ૧૭૦/૨૦૧૯ કલમ ૩૭૯
(૧૩) આણંદ શહેર આણંદ ટાઉન પો સ્ટે ફર્સ્ટ ૫૨/૨૦૧૫ કલમ ૩૭૯
(૧૪) આણંદ શહેર આણંદ ટાઉન પો સ્ટે ફર્સ્ટ ૬૪/૨૦૧૫ કલમ ૩૭૯
(૧૫) આણંદ શહેર આણંદ ટાઉન પો સ્ટે ફર્સ્ટ ૩૫૨/૨૦૧૫ કલમ ૩૭૯
(૧૬) આણંદ શહેર આણંદ ટાઉન પો સ્ટે ફર્સ્ટ ૧૫૧/૨૦૧૮ કલમ ૩૭૯
(૧૭) આણંદ શહેર આણંદ ટાઉન પો સ્ટે ફર્સ્ટ ૧૪૯/૨૦૧૮ કલમ ૩૭૯

અમદાવાદ શહેર

(૧૮) વસ્ત્રાપુર પો.સ્ટે ફર્સ્ટ ૩૫૪/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૧૯) વસ્ત્રાપુર પો.સ્ટે ફર્સ્ટ ૪૨/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૪૬૧,૪૨૭ મુજબ
(૨૦) વસ્ત્રાપુર પો.સ્ટે ફર્સ્ટ ૪૩/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ
(૨૧) વસ્ત્રાપુર પો.સ્ટે ફર્સ્ટ ૪૭/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ
(૨૨) પાલડી પો.સ્ટે ફર્સ્ટ ૭૯/૨૦૧૯ ઇ.પી.કોં કલમ ૩૭૯ મુજબ
(૨૩) ગુજરાત યુનીવર્સીટી પો.સ્ટે ફર્સ્ટ ૬૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૨૪) નારણપુરા પો.સ્ટે ફર્સ્ટ ૯૨/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૪૨૭ મુજબ
(૨૫) આનંદનગર પો.સ્ટે ફર્સ્ટ ૧૦૯/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૨૬) આનંદનગર પો.સ્ટે એન સી નંબર /૩૧/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૨૭ મુજબ
(૨૭) સેટેલાઇટ પોલીસ સ્ટે અમદાવાદ શહેર ફર્સ્ટ ૩૭/૨૦૧૭ કલમ ૩૭૯ ૪૬૧ ૪૨૭
(૨૮) સેટેલાઇટ પોલીસ સ્ટે અમદાવાદ શહેર ફર્સ્ટ ૩૬/૨૦૧૭ કલમ ૩૭૯ ૪૬૧ ૪૨૭
(૨૯) સેટેલાઇટ પોલીસ સ્ટે અમદાવાદ શહેર ફર્સ્ટ ૯૪/૨૦૧૯ કલમ ૩૮૦ ૪૬૧
(૩૦) ધાટલોડીયા પોલીસ સ્ટે અમદાવાદ શહેર ફર્સ્ટ ૪/૨૦૧૮ કલમ ૩૭૯ ૪૬૧
(૩૧) ધાટલોડીયા પોલીસ સ્ટે અમદાવાદ શહેર ફર્સ્ટ ૪૩/૨૦૧૯ કલમ ૩૭૯ ૪૬૧
(૩૨) ધાટલોડીયા પોલીસ સ્ટે અમદાવાદ શહેર ફર્સ્ટ ૬૪/૨૦૧૮ કલમ ૩૭૯ ૪૬૧
(૩૩) સરખેજ પોલીસ સ્ટે અમદાવાદ શહરે ફર્સ્ટ ૮/૨૦૧૭ કલમ ૩૭૯ ૪૬૧

મહારાષ્ટ્ર

(૩૪) મહારાષ્ટ્ર રાયગઢ પેણ પો.સ્ટે ફર્સ્ટ ૦૧૭૮/૨૦૧૯ કલમ ૩૭૯

➢ આરોપીઓની મોડસ ઓપરેન્ડી:-

મજકુર આરોપીઓ પોતે પોતાની હોન્ડા સીટી, વેગનઆર, મારૂતીઝેન, હુન્ડાઇ સેન્ટ્રો, મારૂતી ફ્ન્ટી માલીકીની ધરાવે છે જે પૈકી અલગ અલગ કાર લઇ ગુજરાત આવી રાત્રીના ૦૨/૦૦ થી ૦૬/૦૦ દરમ્યાન શહેરની સોસાયટીઓમાં પાર્ક કરેલ ફોરવ્હીલ કારના ડીસમીસ (સ્ક્રુ ડ્રાઇવર) વડે કાચ તોડી કારનુ ટેપ (મ્યુઝીક પ્લેયર) તથા અન્ય મળી આવતી ચીજવસ્તુઓની જથ્થામાં ચોરી કરી મહારાષ્ટ્ર ખાતે નાસી જઇ મુંબઇ ખાતે ચોર બજારમાં મુદામાલ વેચી દઇ પૈસા મેળવવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

➢ આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ -

મજકુર પકડાયેલ આરોપીઓ એકબીજા જુના મીત્રો છે. અને છેલ્લા ૧૫ વર્ષથી ફોરવ્હીલ કારના કાચ તોડી ટેપ (મ્યુઝીક પ્લેયર) ની ચોરીઓ કરે છે. તેમજ ત્રણેય આરોપીઓ પૈકી નં ૧ નાઓ મુંબઇમાં માટુંગા, મુંબ્રા, કાલવા, શીવાજીપાર્ક, આર.એ.કે, બોરીવલી ઇસ્ટ, દાદર, આઝ્રાદમેદાન, વિગેરે. મહારાષ્ટ્રના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં પકડાયેલ છે. તેમજ આરોપી નં ૨ નાઓ મુંબઇમાં માટુગા, મુંબ્રા, આઝ્રાદમેદાન, પોલીસ સ્ટેશનોમા ચોરીના ગુન્હાઓમાં તેમજ કાલવા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ.ના ગુનામાં તેમજ બેંગલોરના કોડીગેહાલી પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે. તેમજ આરોપી નંબર ૩ નાઓ ગુજરાતના ભીલાડ પોલીસ સ્ટેશનમાં જવેલર્સ લુંટના ગુનામાં તેમજ મહારાષ્ટ્રમાં તેમજ બેંગલોરના કોડીગેહાલી પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે. અને ગુજરાતમાં કાર ટેપ (મ્યુજીક પ્લેયર)ની ચોરીઓના ગુનાઓ સને ૨૦૧૫ થી કરે છે પરંતુ કોઇ ગુનાઓમાં પકડાયેલ નથી.

➢ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:-

શ્રી એચ.એમ.ગઢવી પો.ઇન્સ, પી.એમ.ધાખડા. પો.સબ.ઇન્સ, વિજયસિંહ એમ ઝાલા એ.એસ.આઇ, પ્રતાપસિંહ ઝાલા પો.હેડ.કોન્સ, ફીરોઝભાઇ શેખ પો.હેડ.કોન્સ, હરદેવસિંહ જાડેજા પો.હેડ.કોન્સ, અમીતભાઇ અગ્રાવત પો.હેડ.કોન્સ, યોગીરાજસિંહ જાડેજા પો.કોન્સ, કુલદીપસિંહ જાડેજા પો.કોન્સ, સોકતખાન ખોરમ પો.કોન્સ,.

તા. ૧૮/૧૧/૨૦૧૯

( એચ.એમ.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે.
રાજકોટ શહેર

CS Scanned with CamScanner

પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
"બી" ડીવીઝન પોલીસ સ્ટેશન (રાજકોટ શહેર)
0281-2706018 e-mail- polstn-bdiv-raj@gujarat.gov.in
પોલીસ કંટ્રોલ રૂમ નં-0281-2457777

## પ્રેસ નોટ

## RTO કચેરી રાજકોટ ખાતે થયેલ મર્ડરના આરોપીઓને પકડતી "બી" ડીવીઝન પોલીસ (રાજકોટ શહેર)

ગઈ તા:-૧૫/૧૧/૨૦૧૯ ના રોજ RTO કચેરી રાજકોટ શહેર ખાતે મર્ડરનો બનાવ બનેલ હોય જે અંગે રાજકોટ શહેર બી.ડીવીઝન પો.સ્ટે. ખાતે ફ. ગુ.ર.ન. ૧૮૪/૧૯ IPC કલમ ૩૦૨ વિગેરે મુજબ ગુન્હો દાખલ થયેલ આ ગુન્હાના આરોપીઓ મર્ડર કરીને નાસી ગયેલ હોય જે આરોપીઓને પકડવા સારૂ રાજકોટ શહેરના મહે. પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુક્ત કમિશ્નરશ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા ડી.સી.પી.શ્રી ઝોન-૧ રવિ મોહન સૈની સાહેબ તથા એ.સી.પી. શ્રી એસ.આર.ટંડેલ સાહેબ. ઉત્તર વિભાગ તથા એ.સી.પી. શ્રી ક્રાઇમ જે.એચ.સરવૈયા તથા અમોની સુચના અને માર્ગદર્શન મુજબ ઉપરોક્ત ગુન્હાના કામેના આરોપીઓને પકડી પાડી ગુન્હો ડીટેક્ટ કરવા સારૂ બી. ડીવીઝન પો. સ્ટે,ભક્તિનગર પો સ્ટે,આજી ડેમ પો સ્ટે તથા ક્રાઇમ બ્રાંચની અલગ-અલગ ટીમો કાર્યરત હોય જેમાંથી બી.ડીવીઝન પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના પો.સ.ઇ. એમ.એમ.ઝાલા તથા પો.હેડ.કોન્સ. મોહસીનખાન મલેક તથા મનોજભાઇ મકવાણા તથા પો.કોન્સ. મહેશભાઇ ચાવડા તથા અજયભાઇ બસીયા તથા મુકેશભાઇ ડામોર નાઓ પેટ્રોલીગમા હતા તે દરમ્યાન પો.સ.ઇ. એમ.એમ.ઝાલા તથા પો.હેડ.કોન્સ. મોહસીનખાન મલેક તથા પો.કોન્સ. મહેશભાઇ ચાવડાની સચોટ બાતમી હકીકતને આધારે તેમજ રાજકોટ શહેર ડી.સી.બી પોલીસ સ્ટેશનના પો.સ.ઇ. પી.એમ.ધાખડા તથા તેમની ટીમના ટેકનીકલ સપોર્ટને આધારે નીચે જણાવેલ ઇસમોને બેટી ગામ પૂલ પાસેથી પકડી પાડી ઉપરોક્ત મર્ડરનો ગુન્હો ડીટેક્ટ કરવામા આવેલ છે.

- આરોપીઓ :-
  - (૧) અમરીશભાઇ ઉર્ફે કનુભાઇ નારણભાઇ ગોહીલ ઉવ- ૩૯ રહે- કોઠારીયા મેઇન રોડ રાજકોટ
  - (૨) ધર્મેશભાઇ પ્રભાતભાઇ ધ્રાંગા ઉ.વ. ૨૪ રહે- કોઠારીયા મેઇન રોડ રણુજા મંદિરની બાજુમા રાજકોટ.
  - (૩) રાહુલભાઇ રાજુભાઇ ગોહીલ ઉ.વ. ૨૩ રહે. લાપાસરી રોડ રણુજા મંદિર સામે રાજકોટ
  - (૪) નીતીનભાઇ માધવજીભાઇ ડાભી ઉ.વ. ૨૯ રહે. કોઠારીયા મેઇન રોડ રાજકોટ
  - (૫) મનસુખભાઇ કેશવભાઇ ઢોલરીયા ઉ.વ. ૫૪ રહે. હરિધવા મેઇન રોડના છેડે વિનોદ સોસાયટીની બાજુમા રાજકોટ
  - (૬) મુકેશભાઇ ઉર્ફે કાનો ઉર્ફે કુલદીપ ખોડાભાઇ સોલંકી ઉ.વ. ૩૨ રહે. કોઠારીયા મેઇન રોડ રાજકોટ
- કબજે કરેલ મુદામાલ :- સદરહુ ગુન્હાના કામે વપરાયેલ મારૂતી સુઝુકી બ્રેઝા કાર નંબર:- GJ-03-KH – 7585 કિ.રૂ/- ૪,૦૦,૦૦૦/- તથા ગુન્હાના કામે વપરાયેલ છરી કી.રૂ.૦૦/૦૦.

**આ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ**

પોલીસ ઇન્સ્પેક્ટર વિ.જે.ફર્નાનડિસ તથા પો.ઇન્સ એચ.એમ.ગઢવી તથા પો.સ.ઇ. પી.એમ.ધાખડા તથા પો.સ.ઇ. એમ.એમ.ઝાલા તથા પો.સ.ઈ. પી.બી.જેબલીયા(ભક્તિનગર પો સ્ટે) અને ટીમ તથા પો.સ.ઈ. એમ.જે.રાઠોડ(આજીડેમ પો સ્ટે) અને ટીમ તથા પો.હેડ.કોન્સ. મોહસીનખાન મલેક તથા મનોજભાઇ મકવાણા તથા પો.કોન્સ. મહેશભાઇ ચાવડા તથા અજયભાઇ બસીયા તથા મુકેશભાઇ ડામોર બી.ડીવીઝન પો.સ્ટે. રાજકોટ શહેર

તા:-૨૭/૧૧/૨૦૧૯

(વિ.જે.ફર્નાનડિસ)
પોલીસ ઇન્સપેક્ટર
બી ડીવીઝન પો. સ્ટે.
રાજકોટ શહેર

Scanned with CamScanner